# સમૃદ્ધિ જ જાણે કે જીવનનું ધ્યેય બની ગયું!

સમૃદ્ધિ, માલમિલકત, જમીન-જાગીર, ધન-દોલત
હીરા-માણેક, જર-ઝવેરાત, ગાડી-બંગલા, અને હવે
શૅર-સ્ટૉક-બૉન્ડ અને મૂડીરોકાણો.

એવું નથી કે આ બધું પહેલાં ન હતું. ત્યારે પણ હતું. નહીં તો શાસ્ત્રો પણ ચાર આધારસ્તંભોમાં એક 'અર્થ' મૂકત જ શું કામ? એટલે કે જીવનનિર્વાહ માટે એ ચારેય થાંભલાની જરૂર પડે. એનું સરખું મહત્ત્વ ગણાય. પણ ના, હવે એવું રહ્યું નથી. એ ચાર થાંભલા વચ્ચે અસંતુલન થયું છે અને એના પરિણામે આ જીવનરથ ડોલવા લાગ્યો છે! આપણે વાત એની જ કરવી છે.

માણસ રઘવાયો થયો છે. માણસ અ-ધરાયો થયો છે.
એને બધું જોઈએ છે. એને બધું અત્યારે જ જોઈએ છે.
એને આદર્શો, મૂલ્યો, ધર્મ કે વ્યવહારની ચિંતા નથી.
એને જોઈએ છે તો સુખ, સમૃદ્ધિ, આનંદ અને મજા.
સત્તા, સમૃદ્ધિ, પ્રતિષ્ઠા અને વાહ-વાહ હવે નવી જીવનશૈલી છે!
અને આ એક ગજબનું પરિવર્તન છે.

અને આ એક-બે માણસોની વાત નથી. સમગ્ર માનવસમુદાય આ હરીફાઈમાં છે. બધાને પૈસાદાર થવું છે. બધાને 'પ્રખ્યાત' થવું છે અને આ બધું ફટાફટ, રાતોરાત, ઓવરનાઇટ કરવું છે!

'કેટલું પૂરતું કહેવાય' એ સમીકરણ હવે પ્રશ્નાર્થ બની ગયું છે અને જ્યારે બહુમતી એ દિશામાં હોય ત્યારે એ જ 'સાચું' લાગે છે અને કોઈ એને પડકારતું નથી. પડકારનાર ત્યારે મૂરખ જ ગણાય! કારણ કે

ભલે, સંસાર અસાર કહેવાતો હોય,
પૈસા કોને ગમતા નથી?
પૈસા કોને વહાલા નથી?
શું છે આ પૈસા? શું છે આ ધનદોલત?
પૈસા હોય, સમૃદ્ધિ હોય તો સગવડો મળે.

સત્તા, પ્રતિષ્ઠા હોય તો, અહમ્‌ને પુષ્ટિ મળે.

પૈસા અને સમૃદ્ધિ, સત્તા અને પ્રતિષ્ઠા

આ બધાંથી સુખ ના મળે

કારણ કે જે સુખી છે, એ તો આ બધામાં માનતો જ નથી.

અને જેઓ સુખની શોધમાં, આ બધામાં પડ્યા છે, તેઓ પણ હજી સુખી થયા નથી ને?

કારણ કે

જો સુખી થયા હોય તો દોડવાનું બંધ ના કરે?

તમે, કહેશો, 'હું નિવૃત્ત થયો. મેં હજારો-લાખોની નોકરી કે પછી હજારો-લાખોનો ધંધો વેચી દીધો, બંધ કર્યો, કે પછી સંતાનોને સોંપી દીધો.'

સાચી વાત છે. તમે એમ કર્યું પણ છે. પણ હવે પછી શું?

શું તમે દોડવાનું બંધ કર્યું?

શું તમે સુખી થયા?

શું તમે સંતુષ્ટ થયા?

શું તમે સરળ અને પ્રામાણિક રહ્યા?

ના ને? બસ, તો પછી દોડવાનું ચાલુ રાખો. તમે દોડવાનું બંધ નથી કર્યું. તમે એ તમારી દોડવાની દિશા બદલી છે. પહેલાં દુકાને, કામધંધે, નોકરીએ જતા હતા, હવે દેશ-પરદેશની મુસાફરીએ અને સમાજોની પદ-પ્રતિષ્ઠા અને વાહવાહ તરફ વળ્યા છો. થોડાક સમૃદ્ધ માણસો વળી માનસરોવર સુધીની જાત્રાઓ સુધી જાય છે! સુખની શોધમાં?

ધર્મ સમજ્યા વગર મોક્ષની શોધ કેવી રીતે થાય?

કરિયાણાની દુકાને જાઉં તો મને ખબર તો હોવી જોઈએ ને કે હું ત્યાં શું કામ ગયો છું?

અધર્મ છોડતો નથી અને ધાર્મિક કહેવડાવવા ફાંફાં મારું છું!

કેવું કહેવાય? કેટલું મોટું પરિવર્તન છે આ?

સમૃદ્ધિ વધી છે તો સાથે સાથે લોભ, લાલચ અને અ-ધરાવો પણ વધ્યાં છે અને જ્યાં લોભ અને લાલચ હોય ત્યાં, આદર્શો અને મૂલ્યોમાં છૂટછાટ લેવાય જ લેવાય!

જે ચાલી રહ્યું છે, વૈશ્વિક કક્ષાએ, ચારેય બાજુ એ બધું આશ્ચર્યજનક છે. ના સમજાય એવું છે. બુદ્ધિ બહેર મારી જાય એવું છે!

જો તમારી ઉંમર ૭૦-૮૦ વર્ષ હોય તો તમે કદાચ તમારા દાદાને પણ જોયા હશે. તમે તમારા બાપાને તો ઘણાં વર્ષો ખૂબ નજદીકથી જોયા હશે અને તમારા એ સિત્તેર વર્ષ. હવે આગળ જુઓ. તમારી સમક્ષ તમારાં સંતાનો અને એમનાં સંતાનો છે. એટલે કે તમે કુલ ચારથી પાંચ પેઢી જોઈ શકવા સમર્થ છો.

કેટલું બધું બદલાયું?

તમારા દાદા અને પછી બાપા કેવું જીવતા હતા?

ત્યાર બાદ તમે કેટલા ફેરફારો કર્યા?

અને તમારા ગ્રાન્ડ ચિલ્ડ્રને તમારા બાપા કે તમારા દાદાની સરખામણીમાં તમારાં જ એ સંતાનો કેટલાં જુદાં છે? જાણે કે એ તમારા દાદાનું લોહી જ ના હોય!

પરિવર્તન જીવનનો એક મહત્ત્વનો હિસ્સો છે.

પરિવર્તન રોકી શકાય નહીં. આ સાચું છે.

પણ આપણે એની વાત કરતા નથી.

આપણે વાત કરીએ છીએ 'માણસ અ-ધરાયો' થયો છે એની! માણસ શિક્ષિત થયો છે.

માણસ સમૃદ્ધ થયો છે.

માણસ અશાંત થયો છે.

માણસ અધરાયો થયો છે.

ધર્મ અને મોક્ષ ગૌણ બન્યાં છે કે પછી

અર્થ અને કામને બળ આપવા ઉપયોગમાં લેવાય છે.

બાકી અર્થ અને કામનો જ આ યુગ ચાલી રહેલો છે.

દંભ, ઢોંગ, પાખંડ, બનાવટ અને છેતરપિંડીનો આ જમાનો છે.

અને એટલે

સમૃદ્ધ અને શિક્ષિત માણસ અશાંત અને અસંતુષ્ટ છે.

સમૃદ્ધ અને શિક્ષિત માણસ પણ સુખી નથી જ!

હજી વધારે દારૂની દુકાનો અને

વધારે મોટાં મંદિરોની જરૂર પડશે.
એ અ-ધરાયા અને અશાંત માણસને સંતાવાની ચોકીઓ જોઈશે.
પરિવર્તન જોરમાં છે.
પરિવર્તન ચારેય દિશામાં છે.
પરિવર્તન દરેક ક્ષેત્રમાં છે.

ગામડામાં રહેતો એક સામાન્ય માણસ. એનો દીકરો ભણવામાં હોશિયાર નીકળ્યો. તકલીફ વેઠીને પણ સારું ભણ્યો. પરદેશ જવાની તક પણ મળી. ગયો પણ ખરો. એ ભૌતિક સમૃદ્ધિની હરીફાઈમાં જોડાઈ ગયો. ગામડે મા-બાપ ગરીબીમાં જીવતાં હતાં. દીકરાએ એમને 'સુખ' મળે એટલે એમને પણ એ પરદેશની સંસ્કૃતિમાં નાખ્યાં. ઇરાદો શુદ્ધ હતો. પરિણામો અશુદ્ધ નીકળ્યાં.

સમૃદ્ધિની દોડમાં દીકરો બદલાયો.
સંજોગોના કારણે માબાપ બદલાયાં.
ગામડાગામનાં એ ભલાં-ભોળાં માનવો
સમૃદ્ધિની આડમાં સુખી થવાને બદલે અ-માનવો બન્યાં!
એમના જેવાં જ, અભડાયેલાં, બીજા માનવોની ભીડમાં
એ ક્યાંક ખોવાઈ ગયાં! તેઓ સમૃદ્ધ થયાં. તેઓ સુખી ના થયાં!
શું છે આ સમૃદ્ધિ?
અને કેટલું પૂરતું કહેવાય?
અને આ નક્કી કેવી રીતે થાય?
પતિ, હજારોપતિ, લાખોપતિ, કરોડપતિ, અબજોપતિ અને પછી... પતી!
આપણને બધાને આ બધી ખબર છે.

આપણને એ પણ ખબર છે કે 'કશું સાથે જતું નથી' અને છતાં આ વધારે મેળવવાની, વધારે ભેગું કરવાની લાલસા ઓછી કેમ થતી નથી?

મેળવવું અઘરું નથી.
જરૂરી નથી માટે 'ના' કહેવું એ અઘરું છે.
'ખોટું છે એટલું લેવું નથી' એમ કહેવું એ પણ અઘરું છું.
ક્યાંથી આવી આ 'અ-ધૂરપ' મારામાં?
ક્યાંથી આવી આ ખોટું કરવાની મારી તત્પરતા?

આ અજંપો, આ ઓછપ, આ અ-ધૂરપ?
બધાને બધું મળતું નથી.
બધાને બધું મળે એ શક્ય જ નથી.
માણસ સળંગ હવાતિયાં મારે છે બધું મેળવવા,
પરંતુ એ શક્ય નથી અને એ 'બિચારો' સુખી હોવાના ભ્રમમાં
જીવ્યે રાખે છે.
સુખ જોઈ શકાય નહીં.
સુખ બતાવી શકાય નહીં.
સુખ એ લાગણી છે.
એ અનુભવી શકાય. એ મેળવી શકાય નહીં.
સુખ બજારમાં ક્યાંય મળતું નથી.

શાસ્ત્રો કહે છે 'બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે એમાં સુખ મૂક્યું જ નથી. મનોચિકિત્સાશાસ્ત્ર કહે છે, 'લાઇફ ઇઝ ડિફિકલ્ટ.' તો પછી શેની શોધમા છે આ માણસ?

સુખ બહાર છે જ નહીં.
સુખ સમૃદ્ધિમાં નથી.
સુખ સંબંધોમાં નથી.
સુખ સત્તા-પ્રતિષ્ઠામાં નથી.
કારણ કે એ બધું બહારનું કામચલાઉ છે. ઇચ્છાઓના અનેક પ્રકાર છે.
મન એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર કૂદકા મારે છે.
લંચ પત્યું નથી, ડિનરમાં શું બનાવવું એ વિચાર શરૂ થઈ જાય છે.
પ્રવૃત્તિઓનું ઢાંકણ નહીં, પરંતુ
ઇચ્છાઓનું ઢાંકણ બંધ કરવાની જરૂર છે.

સંસાર છોડ્યો તો ઈશ્વર મેળવવાની, મોક્ષ મેળવવાની ઇચ્છા વળગી. સુખ કેવી રીતે મળે?

માણસને 'બે મોઢે બોલવાનો' અને
'ડબલ ઢોલકી વગાડવાનો' રોગ લાગુ પડ્યો છે!
એ સરળ નથી. એ પ્રામાણિક નથી.